**<u>ક્રો.પ.અ.નં.૧૮ /૨૦૨૬ , મહુવા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૧૪૦૩૧ ૨૩૦૯૧૬ /૨૦૨૩ , પ્રોહી. એકટ ની કલમ –૬૫(ઈ), ૧૧૬(૨), ૮૧ મુજબના ગુનાના કામે આરોપી– અશોક ઉર્ફે અશોક ડામર શંકરભાઇ ઢો. પટેલનાઓની જામીન અરજી લગત હુકમ:–</u>**

(૧) મહુવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૪૦૩૧૨૩૦૯૧૬/૨૦૨૩, પ્રોહી.એકટ ની કલમ– ૬૫(ઈ), ૧૧૬(૨), ૮૧ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હાના કામે અરજદાર / આરોપી તરફે બી. એન. એસ. એસ. ની કલમ– ૪૮૦ અન્વયે જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી કરેલ છે.

(૨) અરજદાર / આરોપીના વિ.વ.શ્રીની દલીલ એવી છે કે, તપાસ પુર્ણ થયા બાદ તથા નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ થયા બાદ પ્રથમ જામીન અરજી છે. વધુમાં જણાવે છે કે ફરીયાદની હકીકતો ખોટી છે અને આરોપીને કો એકયુઝડના સ્ટેટમેન્ટના આધારે ધરપકડ કરવામાં આવેલ છે અને જે જગ્યા પરથી પ્રોહી. મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ તે પણ આરોપીના માલીકીની નથી. વધુમાં રજુઆત કરે છે કે નામ. સુપ્રીમ કોર્ટે ૨૦૧૨ ક્રિમીનલ લો જનરલ પેજ નંબર ૧૪૪૪ માં ઠરાવેલ કે અરજદાર / આરોપીનો ગુનાહીત ઈતિહાસ એટલે કે ઇન્સીડન્ટ હોય તો પણ જામીન ઉપર મુકત કરવો જોઈએ. વધુમાં અરજદાર તર્ફે પોતાની જામીન અરજીમાં "નામ. ગુજરાતની વડી અદાલતે ૧૯/૦૪/૨૦૧૧ ના રોજ રમેશભાઇ બટુભાઇ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાતમાં આપેલ જજમેન્ટને જો જોવામાં આવે તો પેરીટી એટલે કે સમન્યાયના સિધ્ધાંતના આધારે આરોપીને મુકત કરેલા છે." એવુ જણાવેલ છે. વધુમાં તેઓ તર્ફે રજુઆત છે કે આરોપી મદનભાઇ ગણેશભાઈ શાહુને તા.૧૪–૦૭–૨૦૨૩ ના રોજ શરતોને આધીન જામીન ઉપર મુકત કરેલ છે. વધુમાં રજુઆત છે કે અરજદાર / આરોપી તદ્દન નિર્દોષ છે, અરજદાર / આરોપી પર જે ગુનો દાખલ કરવામાં આવેલ છે તે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર નથી અને અરજદાર / આરોપી ને શંકાના આધારે ધરપકડ કરવામાં આવેલ છે તેમજ અરજદાર / આરોપી નામદાર

કોર્ટમા દર મુદ્દતે નિયમિત હાજર રહેશે અને નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરશે તથા અરજદાર / આરોપી નાશી ભાગી જાય તેવા નથી તેમજ અરજદાર / આરોપી બારડોલી તાલુકાના સ્થાનીક રહેવાસી છે જેથી અરજદાર / આરોપીને જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી દ્રારા હાલની આ જામીન અરજી લગત "સદર કામના આરોપી ઉપર પ્રોહી. ગુના અંગેનો આરોપ હોય, સદર આરોપી નાસતા ફરતા આવેલ છે અને નામ. કોર્ટમાં તેમજ અન્ય કોર્ટમાં પણ પેન્ડીંગ કેસો ચાલે આવેલ છે. સદર ગુનાની ગંભીરતા તેમજ આરોપીનું વર્તન જોતા આરોપીને જામીન ઉપર મુકત કરવા સામે વાંધો છે. " તે મતલબનો શેરો કરેલ છે અને મૌખિક માં રજુઆત કરેલ છે કે સદર કામે વિપુલ પ્રમાણમાં પ્રોહી. જથ્થો મળી આવેલ હોય, જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીથી દારૂની પ્રવૃતિ કરે તેવી શકયતા હોય અને આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનો અને તેમાં સજાની જોગવાઈ તેમજ ગંભીરતા ધ્યાને લેતા આવા સમાજ વિરોધી ગુનામાં આરોપીને જામીન પર મુકત કરવાથી સમાજમાં તેની ગંભીર અસર પડે તેમ હોય અને આવી ગેરકાયદેસર પ્રવૃતિ કરનાર ને પ્રોત્સાહન મળે તેમ હોય જેથી હાલની આ જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) જામીન અરજી તથા એફ.આઈ.આર. તથા સોગંદનામું વંચાણે લીધું, આરોપીનાં વિ.વ.શ્રીને સાંભળ્યા, એફ.આઈ.આર. ધ્યાને લેતા આ કામનાં આરોપી સામે મહુવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૪૦૩૧૨૩૦૯૧૬/૨૦૨૩, પ્રોહી.એકટની કલમ- ૬૫(ઈ), ૧૧૬(૨), ૮૧ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હાની ફરીયાદ નોધાયેલ છે. સદર કામે ફરીયાદ વંચાણે લેવામાં આવે તો સદર કામે ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂનો જથ્થો નાની મોટી બાટલી કુલ નંગ – ૧૧૫, કુલ્લે ૩૧.૯૪૦ લીટર જેટલો પ્રોહી. મુદ્દામાલ પકડાયેલ હોય અને સદર અરજીના અરજદાર /

આરોપી અશોકભાઇ ઉર્ફે અશોક ડામર શંકરભાઇ ઢો. પટેલનાઓએ સદર પ્રોહી. જથ્થો પુરો પાડેલ હોવાનો ફરીયાદ મુજબ આક્ષેપીત કેસ છે અને ફરીયાદ મુજબ તેને ભાગેડુ જાહેર કરવામાં આવેલ છે ત્યારે હાલની અરજીના અરજદાર / આરોપી અશોક ઉર્ફે અશોક ડામર શંકરભાઇ ઢો. પટેલનાઓએ સદર પ્રોહી. જથ્થો પુરો પાડેલ હોવાનો ફરીયાદ મુજબ પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાઇ આવે છે.

વધુમાં, સદર કામે અરજદાર / આરોપી અશોક ઉર્ફે અશોક ડામર શંકરભાઇ પટેલનાઓએ પોતાની સામે સદર ગુનો સિવાય મહુવા પો.સ્ટે. ગુના રજી. નંબર ૧૧૨૧૪૦૩૧૨૩૦૬૦૭/૨૦૨૩ તથા નવસારી રૂરલ પો.સ્ટે. સી ગુના રજી. નં. ૧૧૮૨૨૦૨૧૨૪૨૧૩૪/૨૦૨૪ થી ગુનાઓ નોંધાયેલ હોવાનું અને અત્રેની કોર્ટમાં ફો. કે. નંબર ૧૪૩/૨૦૧૮ તથા ફોજદારી કેસ નંબર ૨૧૭/૨૦૨૧ થી કેસો ચાલતા હોવાનું સોગંદનામાં થકી જાહેર કરેલ છે ત્યારે સોગંદનામું જોતા હાલનો અરજદાર / આરોપી ગુનાહીત પ્રવૃતી કરવા ટેવાયેલો હોવાનું જણાઇ આવતુ હોય ત્યારે જો સદર જામીન અરજી મંજુર કરવામાં આવે તો સમાજમાં દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ કરનાર ઇસમોને પ્રોત્સાહન મળે તેમ હોય અને સદર આરોપીના ગુનાહીત ઇતિહાસ જોતા ફરીથી આવી દારૂની ગેરકાયદેસર પ્રવૃતી કરે તેવી શકયતા નિવારી શકાય તેમ નથી ત્યારે વિદ્વાન એ.પી.પી.શ્રીની જામીન અરજી નામંજુર કરવાની રજુઆત વ્યાજબી જણાય આવે છે.

વધુમાં, સદર કામની ફરીયાદ જોવામાં આવે તો હાલના ગુનાના કામે પણ અરજદાર / આરોપીને ભાગેડુ જાહેર કરવામાં આવેલ છે તેમજ હાલના અરજદાર / આરોપી સામે ફો. કે. નંબર ૧૪૩/૨૦૧૮ તથા ફોજદારી કેસ નંબર ૨૧૭/૨૦૨૧ બે કેસો અત્રેની અદાલતમાં પેન્ડીંગ છે અને તેમાં પણ હાલની અરજીનો અરજદાર / આરોપી નિયમીત રીતે અત્રેની કોર્ટમાં હાજર રહેતો ન હોય ફો.કે. નંબર ૧૪૩/૨૦૧૮ ના કેસમાં તા.૦૧–૦૪–૨૦૨૪ થી હાલની અરજીના અરજદાર / આરોપી સામે સદર કામ વોરન્ટ ઉપર ચાલે છે અને તા.૦૮–૦૭–૨૦૨૪ ના રોજ અરજદાર / આરોપીના જામીનદાર પણ ફો. કે. નંબર ૧૪૩/૨૦૧૮ ના કામે જામીનની રકમ જમા કરાવી જામીન તરીકે છુટ્ટા થયેલ છે. તેવી જ રીતે ફોજદારી કેસ નંબર ૨૧૭/૨૦૨૧

ના કામે હાલની અરજીનો અરજદાર / આરોપી હાજર રહેતો ન હોય તા.૧૨–૦૬–૨૦૨૩ થી સદર કામે આરોપીના વોરન્ટ ઉપર ચાલે છે અને તા. ૨૪–૦૬–૨૦૨૪ ના રોજ અરજદાર / આરોપીના જામીનદાર જામીનની રકમ ભરેથી જામીન તરીકે છુટ્ટા થયેલ છે. આમ, ફો. કે. નં. ૧૪૩/૨૦૧૮ તથા ફો.કે. નં. ૨૧૭/૨૦૨૧ ના કેસની હકીકતો જોતા સદર અરજદાર / આરોપી નિયમીત રીતે કોર્ટમાં હાજર રહેતો ન હોય તેની સામે બંને કામ વોરન્ટ ઉપર હતા અને હાલના કામે પણ સદર અરજદાર / આરોપીને ભાગેડુ જાહેર કરવામાં આવેલ છે જે હકીકત દર્શાવે છે કે અરજદાર / આરોપી સતત નાશતો ફરતો રહે છે અને જો હાલની આ જામીન અરજી મંજુર કરવામાં આવે તો ફરીથી નાશી જવાની પુરેપુરી સંભાવના છે.

વધુમાં, અરજદાર / આરોપી તર્ફે પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન મેળવવાની અરજ કરેલ છે પરંતુ સદર કામે અગાઉ જામીન ઉપર મુકત કરવામાં આવેલ આરોપીની ગુનામાં ભુમીકા હાલના અરજદાર / આરોપીની ભુમીકા કરતાં ભિન્ન છે અને અગાઉના આરોપીની કેસનું રેકર્ડ જોતા વર્તણુંક હાલના અરજદાર / આરોપીની વર્તણુંક કરતાં ભિન્ન હોય પેરીટીનું ગ્રાઉન્ડ લાગુ પડતુ નથી. વધુમાં, અરજદાર / આરોપી તર્ફે જે ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે તે ચુકાદાઓ માનસહ વંચાણે લેવામાં આવેલ છે અને સદર ચુકાદાઓની હકીકતો હાલના કેસની હકીકતો કરતાં ભિન્ન હોય સદર ચુકાદાઓ હાલની આ અરજીને લાગુ પડતા ન હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવુ છે.

આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચા મુજબ જો સદર અરજદાર / આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી આવી ગુનાહીત પ્રવૃતી કરે તેવી પુરેપુરી સંભાવના છે અને વધુમાં, અરજદાર / આરોપી દ્વારા રજુ સોગંદનામું જોતા તેની સામે અત્રેની કોર્ટમાં જ બે કેસો દાખલ થયેલ છે અને સદર બંને ફોજદારી કેસોનું રેકર્ડ જોતા હાલની અરજીનો અરજદાર / આરોપી સતત નાશતો ફરતો રહેતો હોવાના કારણે સદર બંને ફોજદારી કેસોની ન્યાયીક કાર્યવાહી વિલંબીત થઇ રહેલ હોવાનું જણાઇ આવતુ હોય ત્યારે હાલની અરજીના અરજદાર / આરોપીને જો જામીન મુકત કરવામાં આવશે તો હાલનો અરજદાર / આરોપી ગુનાહીત પ્રવૃતી કરવા ટેવાયેલો હોય

ટ્રાયલ દરમ્યાન તેની હાજરી સુનિશ્ચીત થઇ શકે તેમ હોવાનું જણાઈ આવતુ નથી. વધુમાં આ ગુન્હાના કામે પ્રોહી એક્ટ કલમ – ૬૫(ઇ) મુજબનાં ગુન્હાની જોગવાઈ ધ્યાને લેતા, આ ગુન્હાઓમાં વધુમા વધુ ૧૦ વર્ષ સુધીની સજા અને પાંચ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે તેમ છે. તેમજ, ***<u>આશીષ ચેટર્જી વિરુધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગોલ ના સી.આર.એમ. નં .૨૭૨/૨૦૧૦ ના કામે થયેલ હુકમમાં જણાવ્યા મુજબ જામીન મંજુર અને નામંજુર કરતી વખતે માર્ગદર્શક સિધ્ધાંતો માં જણાવેલ છે કે,</u>***

(1) Whether there is any prima facie or reasonable ground of believe that the Accused had committed the offence;

(2) nature and gravity of the accusation;

(3) severity of the punishment in the event of conviction;

(4) danger of the Accused absconding or fleeing. if released on bail;

(5) character, behaviour, means, position and standing of the Accused;

(6) likelihood of the offence being repeated;

(7) reasonable apprehension of the witnesses being influenced; and

(8) danger, of course, of justice being thwarted by grant of bail.

આમ, કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા આરોપી સામે જે ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ છે, તેને ગંભીર પ્રકારના ગુનાઓ ગણેલ છે અને રાજયમા પ્રોહીબીશન અંગેના ગુનાઓને ગંભીરતાથી લઈ રાજયમા આવા પ્રકારની ગુનાહિત પ્રવૃતીની સામે કડક કાર્યવાહી થાય અને રાજયમા દારૂ બંધીની અમલવારી ચુસ્તપણે થાય તેવા ઉમદા આશયથી આ સુધારેલી જોગવાઈ કરેલ છે ત્યારે આવી ગેરકાયદેસર

પ્રવૃતિ કરતા તત્વોને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં આવા કૃત્યો કરનાર ઈસમોને પ્રોત્સાહન મળે તેમ છે. તેમજ સદર ગુના ના કામે હાલની અરજીનો અરજદાર / આરોપી એફ.આઇ.આર. દાખલ થયા ત્યારથી અત્યાર સુધી નાશતો ફરતો રહેલ હોય જેથી હાલના તબકકે આરોપીને જામીન મુકત કરવાથી ટ્રાયલ દરમ્યાન તેની હાજરી સુનિશ્ચીત થઈ શકે તેમ ન હોય, જેથી આરોપી સામેના આક્ષેપીત ગુનાની ગંભીરતા જોતા આ અદાલત તેને મળેલ જામીન આપવાની વિવેકબુધ્ધિની સત્તા હાલના આરોપીની તરફેણમાં વાપરવામાં આવે તો સમાજમાં આ પ્રકારની પ્રવૃતિ કરતા તત્વોને ઉતેજન મળે અને સમાજમાં તેની ઉંધી અસર પડે તેમ છે. તેવા સંજોગોમાં આરોપીને જામીન મુકત કરવા વ્યાજબી કારણ જણાતું ન હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

અરજદાર / આરોપી – **અશોક ઉર્ફે ડામર શંકરભાઇ ઢો. પટેલ** નાઓની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૦૬ઠ્ઠી, માહે : એપ્રીલ , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૦૬ / ૦૪ /૨૦૨૬**

**તા.મહુવા, જી.સુરત**

**(દેવાશું શર્મા)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ અને**
**જ્યુડી.મેજી.ફ.કા.,**
**તા.મહુવા,જી.સુરત**
**જીજે૦૧૬૧૯**